સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

પાકિસ્તાનમાં શિસ્ત-સંયમ મરડામાં છે,
ને કાયદા-કોર્ટ-ન્યાય ખાલી ખરડામાં છે,
બરડામાં ભોંકે છે છૂરી છાની નેતાશ્રીઓ -
લોકોને લોકશાહી સેનાના ભરડામાં છે..

‘ભાગવત’નું
શરૂ થ્યું પારાયણ -
સંઘ એજન્ડા..
(ખોટી ઉતાવળ..)

ઉડાળે થૂંક,
રામ ગોપાલ વર્મા -
સૂર્ય ની સામે...
(શ્રી ગણપતિની મજાક)



ચિંતન

દન્તૈરૂચ્ચલિતં ધિયા તરલિતં પાણ્યં ગ્રઘ્રિણાં કંપિતે દગ્ભ્યાં કુડ્મલિતં બલેન ગલિતં રૂપ શ્રિયાં પ્રોષિતમ્ । પ્રાપ્તાયાં યમ ભૂપતેરિહ મહાઘાટ્યાં ધરાયામિયં તૃષ્ણા કેવલ મેકિકૈવ સુભટી ધીરા પુરા નૃત્યતિ ॥

‘આ દાંત ચાલવા લાગ્યા છે. બુદ્ધિ ભમવા લાગી છે હાથપગ કંપવા લાગ્યા છે, બંને આંખોના તેજ ઓછાં થઇ બિડાવા લાગી છે, શરીરનું બળ ગળવા લાગ્યું છે, તેમજ સ્વરૂપ-સૌંદર્યની શોભા પણ અદૃશ્ય થઇ ગઇ છે, એ રીતે આ પૃથ્વી (શરીર) પર યમરાજની જાણે મોટી ધાડ આવી પડી છે, તો પણ આ તૃષ્ણા એક એવી ધીરજથી ભરેલ યોદ્ધાની જેમ યુદ્ધ કરનારી છે કે જે આવી હાલતમાં પણ બધાની આગળ નાચી રહી છે.’

તૃષ્ણા-ઇચ્છા-આશાઓ માનવીને અંત સુધી પરેશાન કરે છે વૃદ્ધાવસ્થામાં પણ મને આ મળે, તે મળે - મારી દેખભાળ થાય મને સૌ કોઇ પૂછે-સલાહ લે - માનપાન આપે એવી તૃષ્ણા પણ વૃદ્ધને સુખ લેવા દેતી નથી.

જીવન પ્રત્યે સંતોષ અને વિવેકની ભાવના જે સમયે જે મળ્યું અને જેટલું મળ્યું એમાં રાજી રહેનાર, ઓછી જરૂરિયાતવાળો માણસ સદા સુખી થાય છે.

તૃષ્ણા-આશાનો કદી અંત નથી આવતો.

સુવિચાર

- શ્રદ્ધા ભીતરમાં પેદા થતી એક ઉર્જા છે.. ઇચ્છા શક્તિનો ઇલમ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ઇશ્વરની કેવળ અનુભૂતિ થઇ શકે છે.. તે સ્પષ્ટ સ્વરૂપે કોઇને દેખાતો નથી.. કોઇને બતાવી શકતો નથી.. એમ કહી શકાય કે ઇશ્વર સુગંધ જેવો છે.. સુગંધને અનુભવી શકાય છે.. એને જોઇ શકાતી નથી **- જ્ઞાનસૂત્ર**
- બાસુંદી ખાવાની ઇચ્છા થાય તો ફ્રીઝ ખોલીને ખાઇ જ લો.. તેની રેસીપી માટે ભેંસના આંચળ સુધીનું ચિંતન ના કરો **- રશિયન કહેવત**
- ઇશ્વરનો મામલો શ્રદ્ધાજન્ય અનુભૂતિ આધારિત છે.. અનુભૂતિની ઝેરોક્ષ નીકળી શકતી નથી.. અનુભૂતિ ફિંગર પ્રિન્ટ જેવી હોય છે.. એકની ફિંગર પ્રિન્ટ બીજા સાથે મળતી નથી **- જન કલ્યાણ**
- ન રહિમ આતા હૈ.. ન રામ આતા હૈ.. ઇન્સાન કો ઇન્સાન હી કામ આતા હૈ.. **- ઝફર જોધપુરી**
- ઇશ્વર એવો આશીર્વાદ છે જે જોવાનો નહીં પામવાનો હોય છે- **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- પ્રાર્થના એટલે આભારદર્શન.. આપણને આપણી લાયકાત કરતાં ઘણું વિશેષ મળ્યું છે તે બદલ કર્મસત્તાનો આભાર માનવો એ જ પ્રાર્થના **- ભક્તિસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

કલાકાર ગમે તેવી પરિસ્થિતિમાં જીવતા હોય પણ એમની માન-સન્માન અને ગૌરવની ખૂમારી અલગ જ હોય છે. શહનાઇ વાદક વિશ્વ વિખ્યાત બિસ્મિલ્લા ખાં આજે હયાત નથી એમના ત્રણ પુત્રો પૈકી શ્રી નૈયર હુસેન - નઝીમ ખાં - અને ઝામીન છે. હમણાં લોકસભાની ચૂંટણી કાશી વિશ્વનાથ અને બિસ્મિલ્લાં ખાંના વારાણસીમાં થઇ એમના પુત્રોએ ‘રાજકારણ’માં કોઇને પણ ટેકો જાહેર કરવાની ના પાડી દીધી હતી.

... એ બિસ્મિલ્લા એકવાર અમેરિકા કાર્યક્રમ આપવા ગયા. અમેરિકાના આયોજકો અને શ્રોતાઓ મુગ્ધ થઇ ગયા અને બિસ્મિલ્લા ખાં સાહેબને અમેરિકામાં જ સ્થિર થઇ જવા વિનંતીઓ કરી. એમની બધી જ જવાબદારીઓ અને બધી શરતો સ્વીકારવા સહિતની ઓફર મૂકી.

માતૃભૂતિ અને આરાધનાનાં સ્થાનના ભક્ત શ્રી બિસ્મિલ્લાએ કહ્યું, ‘તમારી બધી વાત સાચી પરંતુ તમે અહીં ગંગા નદી અને કાશીનો ઘાટ કયાંથી લાવી શકશો? બનારસની ધરતીની સુગંધ વિના હું શરણાઇ કેવી રીતે વગાડી શકું!?’

માત્ર એટલા માટે જ હું તમારી ઓફર સ્વીકારી ન શકું..

Email - sureshchandrabhatt18@gmail.com

આ પુરૂષો ખુબ શંકાશીલ હોય છે, કોઈ સાથે જરા હસીએ બોલીએ તો શું સ્કેન્ડલ થઈ જાય, પણ પુરૂષોની માનસિકતા અને આપણા સમાજનું આ સત્ય છે

નવાં કલેવર

- નટવર હેડાઉ

આજે જયારે તે ઓફીસેથી પાછી ફરી રહી હતી તો ખિન્ન અને રાતીપીળી થઇ હતી. તેના પતિ સુમીતે વિચાર્યું ‘ઓફિસમાં કંઇક થયું હશે.’ તેણે તરત કંઇ પુછવાનું ઉચિત ન લાગતાં થોડીવાર પછી ચ્હા પીતાં પીતાં તેનો મુડ સારો થયો ત્યારે મૃદુ સ્વરે તેણે પુછ્યું, ‘સુધા, આજે ઓફીસમાં કોઇએ તને કંઇ કહેલું? જયારે તું આવી ત્યારે તારો મુડ કંઇ બરાબર લાગતો નહોતો.’

તે ફરી પોતાની અનમનસ્કતામાં ખોવાઇ ગઇ. ઓફીસેથી પાછી આવતી હતી ત્યારે રસ્તામાં રઘુ મળી ગયેલો. તેની આગળ સ્કૂટર રોકી વાત કરવા ઊભો રહી ગયો. તેણે તેને કોઇ લીફ્ટ ન આપી અને ટાળવાની કોશીશ કરી આગળ વધવા ગઇ ત્યાં તેણે તેનો હાથ પકડવાનો પ્રયત્ન કર્યો. ચાંપલાશ કરતાં કરતાં મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. ‘સુંધા, હું તને પ્રેમ કરું છું. મારા દિલથી મજબુર થઇ ગયો છું... વિગેરે વિગેરે... ત્યારે, સુધાએ તેને ધમકાવ્યો એટલે એ ત્યાંથી ભાગી ગયો.’

નારીજીવન ખુબ જ ત્રાસદાયક છે. અનેક અનિચ્છનીય પળો અને અપ્રિય પ્રસંગો આવે છે. ઘણું અઘટિત ઘટી જાય છે. પોતાની અસ્મત અને અસ્મિતાની લડતમાં નારી હંમેશા એકલી હોય છે. સંસ્કાર વશ એ બધું સંરક્ષકને બતાવતાં એ ખમચાય છે. એવું વિચારી ને કે કદાચ કંઇ ગેરસમજ થાય. બહારથી આવનારની ઘરના પુરૂષો સાથીની મૈત્રી અને કયારેક સંબંધોની નાજુકતા તેમાં આડી આવી જતી હોય છે. વિશ્વાસ અને પ્રેમ જ નિકટતાનો અને સંબંધનો આધાર હોય છે, એ ભરોસે જ સ્ત્રી પોતાનું નિજત્વ ખોલીને કંઇક કઇ શકતી હોય છે. ત્યારે તેને પુરેપુરો વિશ્વાસ હોય છે કે તેની બાબતમાં કોઇ ગેરસમજ નહીં થાય અને તેની વાતનો વિશ્વાસ થશે. તેને રક્ષણ, સ્નેહ અને સહારો મળશે. ત્યારે તેને કોઇ વહેમ કે શંકાના ઘેરાવમાં આવવું નહીં પડે.

રઘુ સુધાની સાથે જ પહેલો વહેલો તેના ઘેર આવ્યો હતો. સુમીત સાથે તેનો પરિચય પણ તેણે જ કરાવેલો.

સુધા તે દિવસે ઓફીસથી ઘેર પેદલ જતી હતી તે દરમિયાન રસ્તામાં પોતાની બાઇક રોકીને તેણે ‘નમસ્તે’ કહીને પુછેલું. ‘તમે સ્કૂલમાં ભણાવો છો, ત્યારે સુધાએ કહ્યું, ‘ના હું પી.ડબલ્યુ.માં સ્ટેનો છું.’ તેણે કહેલું, ‘હું સમજ્યો કે તમે શિક્ષક હશો. મારા બે નાના નાના ભત્રીજા ને ઇંગ્લીશ મીડીયમનું ટ્યુશન ભણાવવા ટીચરની જરૂર છે.’ ત્યારે સુધાએ કહ્યું, ‘હું તો ભણાવતી નથી પણ મારા મિસ્ટર ભણાવી શકે.’ તેણે પુછેલું એટલે સુધાએ કહી દીધું કે અત્યારે એ ઘેર જ હશે. તમારે વાત કરવી હોય તો આવીને કરી લો.

ઘરથી તેની ઓફીસ બહુ દૂર ન હતી. તેથી સુધા ચાલતાં જ આવતી જતી હતી. તે દિવસે રઘુના બાઇક પર બેસી એ ઘેર આવી હતી. તેનો પતિ સુમીત એક પ્રાઇવેટ કંપનીમાં એકાન્ટટ હતો. ટૂંકા પગારમાં બે છેડા ભેગા કરવાનું મુશ્કેલ બનતું હતું. તેમાં મંદીના કારણે કંપની બંધ થતાં તે હમણાં બેકાર હતો. રઘુ એ જયારે તેને કામકાજ અંગે પુછ્યું તો તેણે ભોળે ભાવે બધી વાત કરી હતી. તેણે કોઇની હમદર્દી ગમતી નહોતી પણ બેકારીના સમયની મનોસ્થિતિ જ કંઇક એવી થઇ જાય છે કે માણસે એવું બધું સાંભળવું અને સહન કરવું પડતું હોય છે જે તેના સ્વભાવથી વિપરીત હોય.

રઘુએ આશ્વાસન આપ્યું કે તેને ઘણી ઓળખાણો છે. કયાંક ને કયાંક નોકરી મળી જાય તેવી એ ભલામણ કરશે. તેણે કહેલું કે માણસ જ માણસને કામ આવે છે.

એ પછી રઘુ અવારનવાર તેમના ઘેર આવવા લાગ્યો. બેસીને દુનિયાભરનાં ગપાંઠા મારતો પણ ટ્યુશનની વાતને ટાળ્યા કરતો હતો. કંઇને કંઇ બહાના કાઢતો. છેવટે સુધાએ એક દિવસ જરા કડક શબ્દોમાં પુછતાં તેણે કહ્યું કે, ‘તમે તો ટીચર છો નહીં. વળી અમારું મકાન અહીંથી ઘણું દૂર છે. છોકરાઓને આવવા જવામાં તકલીફ પડે. સમય પણ વધુ આપવો પડે.’

ત્યારે સુમીતે કહ્યું, ‘ભઇ મારી પાસે તો સમય જ સમય છે.’

પણ રઘુએ વાત ટાળતાં કહી દીધું કે, ‘છોકરા મોટા ભાઇનાં છે. તે કદાચ પુરતાં પૈસા આપી ન શકે.’

તે રોજ રસ્તામાં ઊભેલા હોય, સુધાને કહે બેસી જા ઘેર મુકી જાઉં. તે ના પાડતી, ‘તમે શું કામ તકલીફ લો છો, હું જતી રહીશ. ત્યારે એ કહેતો, ‘હું એ તરફ જ જાઉં છું. તમારા મિસ્ટરને મળવું છે. તેમની નોકરીનું ગોઠવી રહ્યો છું. ત્યારે વિવેકપૂર્વક સુધાને તેની વાત માનવી પડતી.’

એક દિવસ રઘુ મળ્યો ત્યારે કહેવા લાગ્યો. હું તમને રોજ આવતાં જતાં લાલચું નજરે જોયા કરતો હતો. મને એમ થતું કે તમારી સાથે વાત કરું. તમારી સાથે મિત્રતા થાય. અમે થોડા મિત્રો ભેગા મળી તમારી બાબતમાં પરસ્પર વાતો અને મજાકો કરતાં. એક દિવસ જયારે એક મિત્રએ મારી સાથે શરત લગાવી તો મેં તમારી સાથે વાત કરવાની અને તમારું દિલ જીતવાની હિંમત એકઠી કરી. પહેલ કરવાનું બહાનું પણ શોધી કાઢ્યું. અને મારું નસીબ જૂઓ કે વાત બની ગઇ.

હવે રઘુની અસલીયત પુરેપુરી સુધાની સામે હતી. હવે એ સ્પષ્ટ થઇ ગયેલું કે એ પોતાના ગંદા, ખરાબ, વાસનાપૂર્ણ ઇરાદે બહાના કાઢીને સાવ નિરર્થક વાતો વધારવા જ આવતો હતો. તેની કામલોલુપ આંખો સુધાના રૂપ અને જુવાની પર ઓળઘોળ હતી.

તેણે સુધાના પતિ સુમીતની નોકરી તેમની પરિસ્થિતિ, ઘર-કુટુંબ વિગેરેનો કયાસ કાઢી લીધો હતો. જેથી પોતાના ખરાબ દાનત અને મનસુબા પુરા કરવામાં તેનો ઉપયોગ કરી શકે.

તેણે ટ્યુશનના બહાને સુધા સાથે વાત કરવા અને પરિચય કેળવવાનો રસ્તો કાઢેલો. એ રીતે એ સુધાના ઘર સુધી પહોંચેલો. અને ઘેર આવતાં તેને લાગ્યું કે એની પરિસ્થિતિનો લાભ લઇ શકાય તેમ છે.

રઘુની હરકતો અને હિંમત વધે તે પહેલાં સુધાએ તેના પતિ સુમીતને આખી હકીકતથી વાકેફ કરવાનો નિર્ણય કરી લીધો. પણ મનમાં એક જબરજસ્ત દ્વંદ્વ હતું. કોને ખબર એ તેને કંઇ રીતે લેશે. સુધા સાથે ઓફીસમાં કામ કરતી છોકરીઓ વચ્ચે લંચ ટાઇમમાં ટીફીન ખોલીને બેસે ત્યારે પતિઓના શંકાશીલ સ્વભાવ અંગે ચર્ચા થતી. જરાક મોડું થઇ જાય તો પતિ તરત જ પુછે. આટલું મોડું કેમ થયું? તારી સાથે કોણ હતો. એવું ચેતના ઘણીવાર કહેતી. તો કામીનીનો પતિ તેનું પર્સ ફેંદતો. કદાચ કોઇ સહકર્મચારીનો લવલેટર મળી જાય, આ બધી વાતે એ બધી ખૂબ હસતી. આ પુરૂષો ખુબ શંકાશીલ હોય છે. કોઇ સાથે જરા હસીએ બોલીએ તો શું સ્કેન્ડલ થઇ જાય. પણ પુરૂષોની માનસિકતા અને આપણા સમાજનું આ સત્ય છે.

સુધા વિચારતી કે મારો પતિ સુમીત પણ મારા અને મારા બોસના સંબંધો બાબતે ઘણી વખત હસતાં હસતાં એવી વાતો કરે છે જે મારા દિલને ડંખે છે. મને એમ થાય છે કે એ મારા પર શંકા તો કરતા નથી ને! હું મોં ફુલાવી લઉં છું. ત્યારે એ મનાવવા લાગે છે. અરે! સુધા તને ખોટું લાગી ગયું. હું તો મજાક કરતો હતો. બોસને સ્ટેનોનાં કિસ્સા ખુબ જાણીતા હોય છે. તેમાં તારા જેવી રૂપાળી અને સ્માર્ટ સ્ટેનો હોય તો કયા વિશ્વામિત્રની તપસ્યા ભંગ ન થાય. બોલ જોઇએ.’ કહીને તે હસવા લાગતા. સુધા કહેતી કે મને આવી બેહુદા મજાક પસંદ નથી. શું હું તમને એવી લાગું છું?’ તે ગુસ્સે થઇ જતી. ત્યારે સુમીત કહેતો હું તો બસ અમસ્તાં તને જરા ખીજવતો હતો. સારું માફ કરી દે, હવે નહીં ખીજવું બસ. તારા સમ - કહેતાં એ કાન પકડતો.

શું પુરૂષોની માનસિકતા પત્ની પર શક કરવાની હોય છે. જયારે યુવાન પત્ની ઘરની બહાર અન્ય પુરૂષો સાથે નોકરી કરવા જાય છે.’ સુધા વિચારતી હતી.

રઘુની વાત સુમીતને કહું કે ન કહું. તેની ગડમથલ ચાલતી હતી.

પણ તેણે તરત નિર્ણય લઇ લીધો. પતિ-પત્ની વચ્ચે કોઇ વાત છુપાવવી ન જોઇએ. નહીંતર શંકા ઘેરી બને છે. તેને નક્કી કરી દીધું હવે તેમાં કોઇ ગુંચવાડો ન હતો.

હવે સુધાએ તેના પતિ સુમીતને રઘુના બદઇરાદા અંગે બધું ચોખ્ખેચોખ્ખું કદી દીધું હતું. તેની પ્રતિક્રિયા રૂપે તેણે એકદમ બદલેલા રૂખ સાથે એવું જાહેર કર્યું કે રઘું હવે તેમના માટે નક્કામો માણસ છે. તેથી હવે તેને અહીં આવવા દેવો નહીં. વળી તેને એવી ખાત્રી કરાવવી કે અમારા પતિપત્ની વચ્ચે કોઇ દુર્ભાવ કે છુપાવવા જેવું કંઇ નથી અને અમારી વચ્ચેનો વિશ્વાસ એવો દૃઢ છે કે તેને કોઇ તોડી શકે તેમ નથી. સમજદાર ને ઇશારો જ પુરતો હોય છે.

સુધા એ સુમીતને પુછી લીધું. ‘સુમીત તમને મારા પર વિશ્વાસ છે ને?’ સુમીતે કહ્યું ‘સુધા તું એવું શું કામ પુછે છે. જો એમ ન હોત તો તું આ બધી વાત મને કરત શું કામ? તેથી તું મને આવું પુછે એ જ નિરર્થક છે. તારા પર અવિશ્વાસ શું કામ હોય. મારા મનમાં કોઇ શંકા નથી. તે સાંભળી સુધા ધન્ય થઇ ગઇ.’

ખરેખર એ વાત સાચી છે કે કામુક અને લંપટ વ્યક્તિ ખુબ જ બેશરમ હોય છે તેથી જ આજે સુધા એ રઘુને ખખડાવવો પડ્યો અને એને મોં છુપાવવા ભાગવું પડ્યું.

- vanvihari@gmail.com

ધંધાદારી આચાર્ય..!! વિદ્યાદાન સિવાયના દરેક દાનનો વ્યવહાર..!!

રૂપીયા વેરી એમણે નોકરી લીધી અને ભારે કરી, ચારે તરફથી ભેગું કરવા મંડ્યા અને ભારે કરી કયાં એ પ્રેમાળ આચાર્ય અને એમનાં આદર્શ ગુણો, એમણે તો શિક્ષણની ઐસી તૈસી કરી અને ભારે કરી

એક રાજકીય નેતાએ રાજકારણ, અર્થકારણ, સ્વ સમાજસંવર્ધન અને સંબંધીઓને સેટલ કરવાની ઉદાત્ત ભાવના સાથે એનાં જ મતદાર ક્ષેત્રમાં એક મોર્ડન કૉલેજની સ્થાપના કરી. પોતાના અન્ય ધંધાને ચલાવવા માણસો જોઈએ, સરકારી ફાયદા લઈ શકાય અને આ કૉલેજના વિદ્યાર્થીઓનો ઉપયોગ આવનારી ચૂંટણીમાં થઈ શકે, એવો એકંદર આ ભાઈસાહેબનો ઈરાદો ખરો!!

‘વિદ્યાદાન એ શ્રેષ્ઠદાન’ એવું કાળાં ગ્રેનાઈટની તક્તિ પર સુવર્ણ અક્ષરે કોતરાવેલું. (એટલે કાળા કામો કરી બને એટલી સુવર્ણમુદ્રા કમાવી એવો અર્થ) આ સંસ્થામાં વિદ્યાદાન સિવાયના દરેક ‘દાન’ નો વ્યવહાર ચાલતો હતો. આવાં આ મહાવિદ્યાલયમાં અમારાં પ્રોફેસર મિત્રોનો સારો એવો પરિચિત પ્રાધ્યાપક આચાર્ય તરીકે હાજર થયો. સરસ્વતીની સેવા કરવાં એણે પેલા નેતાના પગભર વજનદાર લક્ષ્મી અર્પણ કરી ‘આચાર્ય’નું પદ મેળવ્યું હતું. આચાર્ય બનેલો એ અમારો મિત્ર અભ્યાસુ, કળાદાર કે વિદ્યાર્થીપ્રિય કયારેય નહોતો!!

આચાર્ય તરીકે વટ મારવાનો શોખ. સહકાર્યકરો પર હુકમ છાંટવાનો શોખ અને આ પદને કારણે કૉલેજના નિયમિક કામોમાં કમિશનમાં હાથ મારવાનો શોખ અને પૈસા બનાવવાનો શોખ આ બધાં માટે એને આ આચાર્યપદ જોઈતુંહતું. આમેય એને ભણાવવાનો પહેલેથી જ કંટાળો એ કારણ પણ ખરું. કારણ આચાર્ય માણસ કયારેય કલાસમાં જાય નહીં. એણે તો બસ વટ ખાતર આંટો જ મારવાનો અને બીજા બધાં બરાબર ભણાવે છે કે નહીં? સુપરવિઝન જ કરવાનું. પોતાના ભાગનાં પિરિયડ હાથ નીચેના પ્રાધ્યાપકને આપીને જે મજા કરે એ જ આદર્શ આચાર્ય કહેવાય એવો અમારો આ મિત્ર!!

આ ગુણોની સાથે અમારા આ મિત્ર પાસે આચાર્યપદને શોભાવે અને બીજા અનેક ‘સદ્ગુણ’ પુષ્કળ પ્રમાણમાં હતા. નાના-મોટા ગમે તેવાં કામ માટે કાટકોણ આકારમાં ગમે તેની સામે ઝુકી જવાની કળા એમણે શ્રેષ્ઠતાથી સાધ્ય કરેલી હતી. સંસ્થાના રાજકીય નેતા કોઈ પણ સાચાં-ખોટાં કામ કહેતા એ ‘જી સરકાર, જી સાબ’ કહેતા પેન્ટના બટન તુટે ત્યાં સુધી દોડાદોડ કરી મુકતા. કૉલેજના આ ‘જી સરકાર’ જયારે આચાર્યની ખુરશીમાં બેસતા, ત્યારે અમારા આ આચાર્ય કમરનો મણકો ખસી ગયો હોય એવા માણસની જેમાં અરધાં વાંકા વળીને બંને હાથ જોડીને એમની સામે રામભક્ત હનુમાનનો પોઝ આપીને ઊભાં રહેતા, અને આખી દુનિયાની લાચારી ચહેરા પર લાવી મંદમંદ હાસ્ય કરતાં રહેતાં!!

આ રાજકીય નેતાએ એમને જ લાગુ પડતી લાચાર, મુર્ખ, પાગલ, ડફોળ જેવાં વિશેષણો ઉર્ફે ડિગ્રીઓ આમને બહાલ કરે એટલે એમને એમનું સન્માન થયાં જેવું લાગતું. એમને એ નેતાનાં ઉપેક્ષાભર્યા અપશબ્દો એટલે પ્રમુખ સ્વામિનો પીઠ પરનો ધબ્બો સમજતા... અને આજનો દિવસ મસ્ત જશે એવું માનતા. બંનેનું ટ્યુનીગ સરસ જામતું. સંસ્થાના આર્થિક વ્યવહાર વખતે નેતા વાસણમાં ઉપર આવેલા માખણનો લોદો ખાઈ જતાં તો આચાર્ય વાસણને બાજુબાજુ ચોટેંલુ માખણ ચાટી જતાં. માખણ ઓછું લાગે તો નવી ભરતી કરવાની અને એ ઉમેદવાર પાસેથી બધું માખણ ચાટી વધેલું ‘સાહેબ’ સામે મુકવાનું. નેતાના પગફર ચઢાવેલી લક્ષ્મી વ્યાજ સાથે પોતાના ઘરે પાછી ફરે એવા સંકલ્પ સાથે શિક્ષણની તો તેઓ ઐસીતૈસી કરતાં!!

સવારે દસ વાગે આવે એટલે રિવોલ્વીંગ ચેરમાં બેસી ચતુર્થ શ્રેણીના ચાર-પાચ સેવકોને બોલાવી લેતા. એમની ભાષા એકદમ નમ્ર અને મૃદુ રહેતી. એ કહેતા, ‘કનુ, તું જરા પહેલા ઘેર જા અને મારી દીકરીને બાઈક પર સ્કૂલે મુકી આવ.’ ‘ભીખા, તું જરા ઘરની સાફસફાઈ કરી લે, જોડે તારી ઘરવાળીને લેતો જજે એટલે તને એકલાને કામ ના પહોંચે.’ ‘જીગા, તું આ લાઈટબીલ, ફોન બીલ ભરવો આવ અને આપણી જે ફાસ્ટફુડની દુકાન છે એની શાકભાજી ખરીદીને પહોંચાડી દે, અને બિલ કયાં નામનું લાવીશ? કહેવાની જરૂર છે?’ ‘રમેશ, તું દૂધ, કરિયાણું લઈને જા અને બહેનને કામમાં જરા મદદ કર.’ ‘ધર્મેશ, તું પેલા મોલમાં જઈ ડઝન ઝાડુ, છ ટ્યુટલાઈટ, ૨૦ પેકેટ કાગળ, ફિનાઈલની બોટલ જેવી વસ્તુઓ લઈ એમાંથી જરૂરિયાત મુજબનું બહેનને આપીને બાકીનું અહીં લેતો આવ...’

આ બધાં મહત્ત્વનાં કામો પતાવ્યા બાદ બધાંને ધંધે લગાડી દરવાજા બહાર ઉભેલા પટાવાળાને બુમ પાડતાં. એ આવે એટલે આ ખિસામાં હાથ નાંખ પેલા ખિસામાં હાથ નાખ, ડ્રોઅર ફંફોસીને નાટક કરતાં હસીને બોલતાં, ‘પંકજ, ઉતાવળમાં તમાકુની ડબ્બી ઘેર જ રહી ગઈ છે, એણે ખુશ થતાં ‘બુધાલાલ’ સાહેબના હાથમાં મુકી. ચુના-તમાકુનો ગરમ ગોળો મોંઢામાં ઘાલ્યો ને આચાર્યનો આત્મા શાંત થયો... સાહેબને ટેન્શન જ એટલું કે અઠવાડિયે ૬ વાર તો તેઓ તમાકુ ભુલી જતાં. એનું સાચું કારણ એટલું જ કે બીજાના પૈસે મફતનું જેટલું ખવાય એટલું ખાવું!!

આ આચાર્યને કયારેક લહેર આવતી તો કૉલેજ પરિસરમાં આંટો મારવા નીકળતાં અને કૉલેજ કેન્ટિનમાં ઘુસી જતા. એમને જોતાં જ કેન્ટીનમાં બેઠેલાં વિદ્યાર્થીઓ મોં સંતાડી ભાગી જતા. પછી કેન્ટીનવાળાને ઊંચા અવાજમાં કહેતા. ‘આજકાલ તારા માટે વિદ્યાર્થીઓ અને સ્ટાફની ફરિયાદો વધી ગઈ છે. તું સારું તેલ-સારી વસ્તુઓ વાપરતો નથી. ચાલ બતાવ શું બનાવ્યું છે આજે?’ એમ કહેતાં જ દાબેલી, પિત્ઝા, બર્ગર અને ગરમ ભજીયાની પ્લેટ ભરી લેતાં અને ત્યાં ઊભા ઊભા જ ખાવા લાગતા. ભજીયા એમનો ‘વિક પોઈન્ટ’ હતો. એક તો ઘરેથી નાસ્તા વગરનાં આવ્યા હોય અને એમાં ભજીયા મળે એટલે તુટી પડતાં. મુખ્ય વાત એટલે બિલ આપવાનો પ્રશ્ન જ નહોતો. ભજીયા ખાધાં બાદ કંઈક ગળ્યું જોઈએ એ હિસાબે રેસ્ટોરન્ટ વાળો જ મિઠાઈની પ્લેટ ધરી દેતો. ‘બાળકોના આરોગ્યની મને ચિંતા છે એટલે આ બધું અનિચ્છાએ ચેક કરવું પડે છે.’ આવું એને સંભળાવતાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)

લાગણીના સંબંધમાં ‘ટૅકન ફૉર ગ્રાન્ટેડ’ ચાલે?

ગુલમહોર

- દિનેશ દેસાઈ

સ્વામી વિવેકાનંદજીએ માનવીય સંબંધોની ઉષ્મા અને સુષ્માને ખુબ મહત્ત્વ આપ્યું છે. તેઓએ કહ્યું છે કે સમાનવીય સંબંધોમાં માનવતા એટલે જ દિવ્યતા. સંબંધોમાં એકમેક તરફ આદર હોય, સન્માનની લાગણી હોય, સામી વ્યક્તિની ખુબીઓને તો ગમાડીએ, પણ એની ખામીઓને પણ વધાવી લઈએ, એમાં જ સંબંધની સાચી ઉષ્મા અને સુષ્મા રહેલી છે..

લાગણીના સંબંધમાં કાળજી (કૅર) અને નિસબત (કન્સર્ન) અગત્યનાં પરિબળ છે. જો તમે સામી વ્યક્તિની કાળજી નહીં લો તો સંબંધનાં ફૂલને કરમાતાં વાર નથી લાગતી. સંબંધમાં એકમેકની કાળજી લેવાની સાથે સાથે જ એકમેક પ્રત્યે નિસબત હોવી પણ એટલી જ અગત્યની છે. પ્રેમ એટલે વ્યક્તિત્વનો અરીસો. અરીસો કદીય માણસનો સાથ છોડતો નથી એમ પડછાયો પણ ક્યારેય માણસનો સાથ છોડતો નથી. લાગણીના સંબંધમાં ‘ટૅકન ફૉર ગ્રાન્ટેડ’ ચાલે? કદીય ન ચાલે.

લોહીના સંબંધ કરતા પ્રેમનો સંબંધ મહાન છે. એવા સંબંધને કોઈ નામ આપી શકાતું નથી. સંજોગ અને પરિસ્થિતિ બદલાતી રહે, પરંતુ પ્રેમ બદલાતો નથી. પ્રેમમાં જો સચ્ચાઈ હોય તો એ ઝરણાંની જેમ દરિયાને મળવા માટે પોતાનો રસ્તો આપોઆપ કરી લે છે. એને કશું શીખવવું પડતું નથી. પ્રેમમાં આવો વિશ્વાસ હોય છે, એ જ સાચો પ્રેમ. બાકી તો વિશ્વાસ અને સચ્ચાઈ ન હોય ત્યાં કદી સાચા પ્રેમની અપેક્ષા રાખી શકાય નહીં.

પ્રેમ એટલે જિંદગી અને જિંદગી એટલે પ્રેમ. જિંદગીમાંથી પ્રેમને બાદ કરી નાખો તો? પ્રેમનો પાયો પાકો હોય તો એ આજીવન ટકી રહે છે. નિત-નિત, નિશદિન પ્રેમમાં વધારો જ થાય છે. પ્રેમમાં સગિવ ઍન્ડ ટૅક.ને કોઈ સ્થાન ન હોઈ શકે. પ્રેમ એ આપવાનું નામ છે. આપીને પામવાનું નામ એટલે પ્રેમ. પ્રિયજનને પ્રેમ સિવાય કશું જ ન ખપે.

પ્રેમ એટલે વ્યક્તિત્વનો અરીસો, અરીસો કદીય માણસનો સાથ છોડતો નથી એમ પડછાયો પણ ક્યારેય માણસનો સાથ છોડતો નથી, લાગણીના સંબંધમાં ‘ટૅકન ફૉર ગ્રાન્ટેડ’ ચાલે? કદીય ન ચાલે

પ્રેમનો જાદુ લોહી—રક્ત જેવો છે. બે પ્રિયજનનું બ્લડગૃપ મેચ થતું હોવું જોઈએ. જો પરસ્પર પ્રેમનું ગૃપ મેચ થતું હોય તો એવો જ પ્રેમ ટકી જતો હોય છે. જો લાગણીનું ગૃપ અરસપરસ મૅચ ન થતું હોય તો એવો પ્રેમ યા સંબંધ લાંબો સમય ટકતો નથી. પ્રેમનો જાદુ અજબ છે. એક વ્યક્તિ મૌન રહે અને તો પણ સામી વ્યક્તિ બધું જ સમજી જાય એનું નામ પ્રેમ. પ્રેમ એટલે એકમેકના હૃદયનાં ધબકાર સાંભળવા અને ઓળખી જવાની કળાનું ઈશ્વરે આપેલું વરદાન.

પ્રેમ એટલે એકમેકનું હૃદયપૂર્વકનું આદાનપ્રદાન. એક હાથે તાળી ન પડે. એક પ્રિયજનના સથવારાના કારણે બીજા પ્રિયજનનો ઉત્કર્ષ થાય એનું નામ પ્રેમ. પ્રિયજનની ઉન્નતિ ચાહે એનું નામ પ્રેમ. પ્રિયજનનું પતન ઈચ્છે એનું નામ પ્રેમ નથી. પ્રેમમાં કોઈ છળ-કપટ કે દગા-ફટકાને સ્થાન ન હોઈ શકે. પ્રેમમાં પામીને ગુમાવવાનું છે. પામવાનું નહીં, સમર્પણનું નામ પ્રેમ.

પ્રેમ એ કોઈ આયોજન કે પ્રયોજનની પ્રક્રિયા નથી. કોઈ પણ જાતનાં વર્ણન વિના જે વ્યક્તિ તમારા મનોભાવ સમજી શકે, તમારી લાગણી, માગણી, વેદના, ઈચ્છા, આકાંક્ષાને સમજી શકે એનું નામ જ તો પ્રેમ. જેને જોવા માત્રથી જ હૃદયમાં આનંદની હેલી ઊમટી આવે એનું નામ પ્રેમ.

જેને પ્રેમનું વરદાન મળ્યું છે, એ સંબંધ કોઈને કોઈ રીતે તો ઋણાનુબંધનો અવસર હોય છે. તમે જન્મ કે પુનઃજન્મમાં માનતા હો કે ન માનતા હો, પરંતુ પ્રેમનો સંબંધ કંઈક એવો અવસર છે કે જે દુનિયામાં એકબીજાને ન ઓળખતા હોવા છતા બે પાત્રને પહેલીવાર મેળવી આપે છે, કાયમ માટે.

લાગણીના સંબંધમાં ‘ટૅકન ફૉર ગ્રાન્ટેડ’ ચાલે? એની પણ વાત કરીએ. જ્યારે કોઈ વ્યક્તિ આપણું ખુબ ધ્યાન રાખતી હોય, જ્યારે કોઈ વ્યક્તિ આપણી ખુબ કાળજી લેતી હોય, જ્યારે કોઈ વ્યક્તિ આપણી ખુબ વધારે સંભાળ રાખતી હોય, ત્યારે આપણી પણ એ માનવીય ફરજ બની રહેવી જોઈએ કે આપણે પણ એ વ્યક્તિની પ્રત્યેક લાગણીને સન્માન આપીએ. એની પ્રત્યેક ક્રિયાને પ્રેમાદર પણ આપીએ. એની સર્કૅર ઍન્ડ કન્સર્ન.ને આપણે હૃદયની ઉષ્મા અને સુષ્માથી વધાવી લઈએ.

પ્રેમનો લય કદી એકાકી ન બની રહેવો જોઈએ. જો કોઈ વ્યક્તિ આપણી દરકાર કરતી હોય તો આપણે પણ આપોઆપ એની દરકાર અને કાળજી કરવા લાગીએ છીએ. આનું નામ પ્રેમ. આમ ન બને તો એનું નામ ધૃણા, તિરસ્કાર, અવગણના. આવું બને તો એ કઠોરતાની નિશાની છે, પ્રેમની નહીં. કોઈ આપણી કાળજી લઈને આપણું ધ્યાન રાખે તો શું આપણે તેનો પ્રતિઘોષ આપીને એના પ્રત્યે આભાર અને સદ્ભાવ વ્યક્ત ન કરી શકીએ?

માનવસહજ સ્વભાવ છે કે જ્યારે કોઈ આપણી કાળજી લે, સંભાળ લે, આપણા બધા જ કાર્યોમાં અંગત રસ લઈને મદદ માટે સદાસર્વદા તત્પર રહે તો આવું બધું આપણને ગમતું જ હોય છે. હવે સવાલ એ પણ આવે છે કે શું આપણે પણ આ રીતે આપણી કાળજી લેનારની ચિંતા કરીએ છીએ ખરા? કે પછી આવી બધી બાબતોને આપણે સટૅકન ફૉર ગ્રાન્ટેડ. લઈએ છીએ?

જે સંબંધમાં વ્યક્તિનું મૂલ્ય ઘણું બધું હોવા છતા આપણે તેનાં વ્યક્તિત્વને નજરઅંદાજ કરીએ, એને નજર સામે હોવા છતા વિસરી જઈએ, તો એવી સટૅકન ફૉર ગ્રાન્ટેડ.ની પરિસ્થિતિમાં તે વ્યક્તિને મૂકી દેવી યોગ્ય છે? મોટા ભાગે જે વ્યક્તિનું આપણા જીવનમાં મહત્ત્વનું સ્થાન હોય. જે વ્યક્તિ આપણા માટે ઘણું બધું કરી છુટતી હોય, આમ છતા આપણે તેની હાજરીને, આપણે તેના સ્વતંત્ર વ્યક્તિત્વને વિસરી જઈએ છીએ. આવું કેમ? દરેક વ્યક્તિને પોતાનું આગવું અસ્તિત્વ અને આગવું વ્યક્તિત્વ છે જ. આ બાબત આપણે ભુલવી જોઈએ નહીં.

આપણે સ્વકેન્દ્રી બનવાના બદલે બીજાના વ્યક્તિત્વ અને અસ્તિત્વનો પણ વિચાર કરવો જ જોઈએ. પ્રેમના નામે જોહુકમીનો કોઈ અર્થ નથી. દરેક વ્યક્તિનું પોતાનું પણ અસ્તિત્વ અને પોતાની પણ જિંદગી હોય છે, જેનો આદર થવો જ જોઈએ. જો તમે લાગણીના જળનું સિંચન નહીં કરો તો સંબંધ નામનો છોડ વૃક્ષ નહીં બની શકે અને વૃક્ષ બનતા પહેલા જ એ છોડ કરમાઈને સૂકાઈ જશે. પછી સંબંધના હાડપિંજરનો કોઈ મતલબ નથી.

સ્ટોપર :

‘મનની શક્તિ અપાર છે. તમે લક્ષ્ય નક્કી કરો તો અવશ્ય એને પામી જ શકો..’

— **મારિયા સારાપોવા**